R.N.I.No. : 11555/1966 Price Rs. 1/-

# જ્યોતિ પુંજ

JYOTI PUNJ

Vol No. 56 Issue No. 12 March - 2014

## મતદાન એ આપણી પવિત્ર ફરજ

મતદાન કરવું એ આપણી પવિત્ર ફરજ છે, જે આપણે સૌએ નિભાવવી જોઈએ. લોકસભાની ૫૪૩ બેઠકની આગામી ચૂંટણીની તારીખો નક્કી થઈ ગઈ છે. મુંબઈમાં ૨૪ એપ્રિલે અને ગુજરાતમાં ૩૦ એપ્રિલે ચૂંટણી યોજાશે.

બળબળતા ઉનાળાની ગરમીમાં ચૂંટણીની ગરમી રાજકારણીઓના નવનેજા પાણી ઉતારી રહી છે. ધિક્કારના રાજકારણથી વ્યાપ્ત આ વખતની ચૂંટણીમાં યુવાનોનો જાદુ કામ કરી જશે. નેતાઓમાં એકબીજાથી ચડિયાતા દેખાવા સામ, દામ, દંડ અને ભેદની કુટનીતી પૂરબહારમાં ખીલશે. જે નેતાઓ કોઈથી નથી ડરતા તે મતપેટીઓ આગળ નરમઘેંસ જેવા થઈ જાય છે. કાચા કુવારા તથા પ્રાદેશિક નેતાઓને નિશાન બનાવી ગરમાગરમ 'કાંદાભજી'ની જેમ સારા અને નરસા (ભૂંડા) મેસેજ, વોટ્સએપ્સ, વગેરે પર વહેતા થયા છે. સમાચાર પત્રો અને ન્યુઝ ચેનલોની ચડસાચડસી મતદારોના મગજ ચક્કાજામ કરી દે છે. આ વખતની ચૂંટણીમાં મોંઘવારી, ભ્રષ્ટાચાર, વિકાસ, વિજળી જેવા અનેક મુદ્દાઓને લીધે મરણિયો જંગ ખેલાશે. જો આ વખતનું ચૂંટણીપંચ બાહોશ અને કડપ ધરાવનારું નહીં નીવડે તો રાજકારણીઓના છેલ્લી પાયરીના તમાશા લોકોને નજરે પડશે. પ્રજાજનોને વ્યાપક ત્રાસ, નુકશાન વેઠવા પડશે.

પરંતુ આ વખતનો 'ખેલ' યુવકોના હાથમાં છે. કોઈને પોતાનું મન ન કળાવા દેતા યુવકો, મતદારો પોતાના અધિકારો માટે વોટ આપવા જશે. લોકનેતા (પ્રધાન) હંમેશા લોકોના સમયોચિત કાર્યોને પરિપૂર્ણ કરવા માટેના ધ્યેયને વરેલો હોવો જોઈએ. પોતાના એરિયામાં બધા પક્ષમાંથી સૌથી સારો ઉમેદવાર શોધીને જ વોટ આપવો જોઈએ. સર્વ ઉમેદવાર નાપસંદ ઠરે તો વોટ (કોઈ નહીં)નું બટન આ ચૂંટણીમાં ઉપલબ્ધ છે.

આવતા પાંચવર્ષના સુશાસન માટે યોગ્ય ઉમેદવાર શોધી જરૂર આપનો કિંમતી વોટ આપો.

ચૂંટણીમાં મતદાતા જ રાજા હોય છે.

**- બંકિમ રજનીકાંત પરીખ (જુનાગઢવાળા)**

# શ્રી બાલાસિનોર નવયુવક સંઘને મળેલ દાનના વચનોની યાદી

૧) **Treatment for cataract operation scheme માટે**
**શ્રીમતી દમયંતીબેન પ્રવિણભાઈ શાહ (ઝાટ) તરફથી રૂા. ૧૧,૦૦,૦૦૦/-**

૨) **પ્રિયજેને હોલ માટે મળેલ દાનઃ-**

A) **પરમ કમલેશ પરીખના શુભ લગ્ન પ્રસંગે મળેલા રૂા. ૫,૦૦,૦૦૦/-**
શ્રીમતી ભાનુબેન રસીકલાલ કાપડીયા **હસ્તે :** કમલેશ રસીકલાલ કાપડીયા

B) **રૂા. ૨,૫૧,૦૦૦/- કલ્પનાબેન રસિકલાલ ચીમનલાલ પરીખ (રાઠોડીયા)**
**હસ્તે :** ચક્ષુબેન દિલિપભાઈ પરીખ તેમના દિકરા ધરવ અને ધરિતના લગ્નપ્રસંગ નિમિત્તે.

૩) **શાંતીલાલ ભીખાલાલ કડકીયા (હોલોલવાળા) હસ્તે : કુમુદબેન શાંતીલાલ કડકીયા**
**રૂા. ૧,૦૦,૦૦૦/-** જનતા ફી સહાય યોજના (ગીરીપુજા કોકીલાબેન પ્રવિણચંદ્ર પુનમચંદ બીનચુનીલાલ કડકીઆ વલ્લભઘેલા) માટે મળેલ દાન.

૪) **શૈક્ષણિક ખર્ચ :**
એક અનામીદાતા તરફથી દર વર્ષે **રૂા. ૨૫,૦૦૦/-**નું દાન સંસ્થાને પ્રાપ્ત થાય છે. વિદ્યાદાન વિદ્યાર્થીના સપના સાકાર કરનારું છે, તેના ઉજવળ ભવિષ્યનું નિમાર્ણ કરનારું છે.

**આપના આવા સુંદર સહકાર બદલ સંસ્થા સૌ દાતાઓ તથા તેમના કુટુંબીજનોનો હૃદયપૂર્વક આભાર માને છે**

# જ્યોતિ પુંજ

| વર્ષ | અંક | તારીખ |
|---|---|---|
| ૫૭ | ૧૨ | ૨૧-૦૩-૨૦૧૪ |

છુટક કીંમત : **રૂા.૧/-** વાર્ષિક લવાજમ : **રૂા.૧૦/-**

નિખિલ પરીખ (તંત્રી)

બંકિમ પરીખ / જતીન ન. દેસાઈ

દેવાંગ મોદી/ જીગર કડકીઆ

પત્રવ્યવહારનું સરનામું

**નિખિલ પરીખ (ફોન : ૨૩૮૨ ૨૫ ૧૦)**

વીલગ્રીન કોમર્શીયલ કોરપોરેશન

૬, ખોખા બજાર, મુંબઈ-૪૦૦ ૦૦૩.

**ફોન :** ૯૮૨૧૩૨૬૪૩૨

❖❖❖

**મંત્રી : ભાવેશ બીપીન મોદી (ઠાસરાવાલા)**

**એ. કે. એન્ટરપ્રાઈઝ**

૫૪-બી, ગૌરક્ષક ચાલ, ૧ લે માળે, રૂમ નંબર -૧૩,

ફણસવાડી, મુંબઈ-૪૦૦ ૦૦૨

ટે.(ઓ.) : ૨૨૦૬૦૦૦૯ (મો.) : ૯૮૬૯૦૮૦૨૮૭

❖❖❖

**: કાર્યાલય :**

૧૧૮/૧૨૦, અરદેશર દાદી સ્ટ્રીટ, વી.પી. રોડ,

મુંબઈ - ૪૦૦ ૦૦૪. ટે.નં. : ૨૩૮૮ ૭૦૦૬

❖❖❖

**: સમય :**

સોમવાર થી શનિવાર ૨ થી ૭ (સાંજે)

રવિવાર ૯.૩૦ થી ૧૧.૩૦ (સવારે)

દર બુધવારે સંસ્થાની ઓફિસ બંધ રહેશે.

**visit us at www.balasinor.org**


**તંત્રી મંડળ તરફથી**

# ફગવો

**- બંકિમ રજનીકાન્ત પરીખ (જુનાગઢવાળા)**

ફગવો નામ વાંચતા જ હૈયે હરખની હેલી ઉઠે છે. ફગવાના અંતરંગમાં રંગાઈ જવાનો આનંદ અનેરો હોય છે. ફગવો એટલે શું ? ફગવાની મહત્તા શી છે ? ફગવાનું હાર્દ સમજવા શ્રી ગોપાલ ભટ્ટ (ગોર) સાથે સત્સંગ છેડાયો. ઈશ્વરની કૃપાથી અવારનવાર ગોપાલ પાવન પગલા કરે છે. અને જીવન, ધર્મ, લોકકલ્યાણ જેવા વિષયો પર પ્રકાશ પાડતો જાય છે. 'ફગવા'ના સત્સંગનો જે સાર સાંપડયો તે વિનમ્રતાપૂર્વક આપ સર્વની સેવામાં પ્રગટ કરું છું.

ફગવો એટલે વસંતઋતુનું આગમન. વસંતના વધામણા કરવાનો અને સત્કારવાનો અનેરો ઉત્સવ. ફગવો એટલે રંગનો ઉત્સવ. હૃદયમાં રહેલી ઉર્મિઓને બહાર લાવવાનો ઉત્સવ. પુષ્ટિમાર્ગમાં ઠાકોરજી બારે મહિના નિજ મંદિરમાં દર્શન આપે છે. ફગવાનો આ એક જ દિવસ એવો હોય છે કે ઠાકોરજી પ્રકૃતિને દર્શન આપવા સ્વયં બહાર નીકળે છે. પોતે સ્વયં પ્રકૃતિનો આનંદ લેવા, વન્ય જીવોને આનંદ કરાવવા, સર્વ ભક્તજનોને દર્શન આપવા બહાર આવે છે. પ્રકૃતિ પણ સોળે કળાએ ખીલી ઉઠે છે. ફળ, ફૂલ, સુગંધ અને પ્રેમથી લદાયેલ કુદરત અલૌકિક સ્વરૂપ ધારણ કરે છે. કુદરતના ખોળે વિહરતા સર્વ પશુ, પક્ષી, જીવ, જંતુ આનંદ અને કિલ્લોલ કરતા નજરે પડે છે.

આ ઉત્સવ એટલે આપણા જીવનના રંગોને બહાર લાવવાનો ઉત્સવ. આંતરિક વિચારોને, મનના ભાવને, હૃદયની ઉર્મિઓને વાચા આપવાનો ઉત્સવ. ટૂંકમાં ઠાકોરજી સાથે ખેલ ખેલવા, પૂરેપૂરા ઓતપ્રોત થઈ જવું, તન્મય થઈ જવું. ગોપી ભાવથી ઠાકોરજીમાં એકાકાર થઈ જવું. વ્રજમાં ગોપીઓ જે ભાવથી ઠાકોરજી સાથે ફાગ ખેલતી એવો જ આનંદ ઉત્સવ આપણે આપણા શ્રીજી સાથે કરવાનો છે. આપણા અને ઠાકોરજી વચ્ચે કોઈ અંતર રહેતું નથી. મનના અબીલ અને મનના ગુલાલને બહાર સર્વત્ર ઉડાડવાના છે. મનના કુમકુમ અને મનના કેસર વડે કેસરિયા ફાગ ખેલવાના છે. તન, મન, જન, કણ કણ ફાગના રંગે રંગાઈ જાય છે. એક બીજા વચ્ચે પછી કોઈ અંતર રહેતું નથી. ક્યાંય ઉંચનીચ, ભેદભાવ, વેરભાવ, સ્વાભિમાન, અભિમાનનું નામોનિશાન રહેતું નથી. બધું જ મૂકીને ઠાકોરજી સાથે એકાત્મતા કરવી, ઠાકોરજીનો સાક્ષાત્કાર કરવો તેનું નામ જ ફગવો.

ફગવાના ફાગ ખેલાવવા, નાચતા, ગાતા આપણે આપણા ઠાકોરજીને લાડ લડાવીએ છીએ...

**પાંચ બરસ કે કુંવર કનૈયા,**
**સાત બરસ, રાધા, ગોરી રે રસિયા**
**આજ બિરજ મેં હોરી રે રસિયા**
**આજ બિરજ મેં હોરી રે રસિયા**
**હોરી રે રસિયા, બરજોરી રે રસિયા**

રાધાજી બરસાનામાં હોરી ખેલવા કનૈયા ને બોલાવે છે. કાનો ગોપમંડળને લઈને બરસાના પહોંચી જાય છે ને ભરી ભરી પિચકારી હૈયાના હેતને વરસાવે છે.

ત્યારે રાધાજીની સખીઓ મીઠી ફરિયાદ કરે છે..

**કાના પિચકારી મત માર**
**મેરે ઘર સાસ લડેગી રે...**
**ત્યારે ગોપ ટોળખી સામે જવાબ આપે છે.**
**... આવા રે... રસિયા ...**
**.... વાહ વાહ રે રસિયા....**

પ્રેમ પ્રેમ અને પ્રેમના જ દર્શન થાય છે. સર્વત્ર પ્રેમરસ છલકાઈ ઉઠે છે.

*****

## 'જ્યોતિ પુંજ' (માસિક)

ધી રજીસ્ટ્રેશન ઓફ ન્યુઝપેપર્સ (સેન્ટ્રલ) રૂલ્સ અન્વયે
'જ્યોતિ પુંજ' પત્રિકા અંગેની માહિતી
ફોર્મ નં. ૪ (જુઓ રૂલ નં.-૮)

| | |
|---|---|
| **૧) પ્રકાશનનું સ્થળ** | : શ્રી બાલાસિનોર નવયુવક સંઘ ૧૧૮/૧૨૦, અરદેશર દાદી સ્ટ્રીટ, વી.પી. રોડ, મુંબઈ - ૪૦૦ ૦૦૪. |
| **૨) પ્રકાશનની સામયિકતા** | : માસિક |
| **૩) મુદ્રક અને પ્રકાશકનું નામ** | : નિખિલ બાબુલાલ પરીખ |
| **રાષ્ટ્રીયતા** | : ભારતીય |
| **૪) તંત્રીનું નામ** | : નિખિલ બાબુલાલ પરીખ |
| **૬) જે વ્યક્તિઓ આ અખબારના માલિક હોય કુલ થાપણના એક ટકાથી વધારે થાપણના નામ અને સરનામાં** | : શ્રી બાલાસિનોર નવયુવક સંઘ ૧૧૮/૧૨૦, અરદેશર દાદી સ્ટ્રીટ, વી. પી. રોડ, મુંબઈ - ૪૦૦ ૦૦૪. |

હું, નિખિલ બાબુલાલ પરીખ આથી જાહેર કરૂ છું કે ઉપર દર્શાવેલ વિગતો મારી જાણ અને માન્યતા મુજબ તદ્દન સાચી છે.

**મુંબઈ તા. ૨૦.૩.૨૦૧૪ (સહી) : નિખિલ બી. પરીખ**
**પ્રકાશક : ''જ્યોતિ પુંજ''**

**"આજે રડી પડાયું યાદ કરી એ નિર્દોષતાને હાથમાં દેશી હિસાબની ચોપડી આવી ગઈ'**

# મારે ફરી એકવાર શાળાએ જવું છે

**- દેવાંગ રાજેન્દ્ર મોદી**

આ લેખ લખું છું ત્યારે ક્રિસમસ વેકેશન પડવાની તૈયારી હશે. સવારમાં ઉઠીને મારા ઘર પાસેથી પસાર થતાં બાળકોને જોઉં છું ત્યારે કશાક અકથ્ય આનંદની અનુભૂતિ કરૂ છું. યુનિફોર્મ પહેરી શાળાએ જતા બાળકો તેમના ખભે લટકતા ભારેખમ થેલા થેલાની એક તરફ ડોકાતી પાણીની બોટલ.

કોઈ છોકરાઓ નજીક આવેલી શાળામાં ચાલતા જ વાતો કરતા કરતા જતા હતા. તો કેટલાક દૂરની શાળાઓમાં સમયસર પહોંચવા મારમાર સાઈકલ ચલાવતા જતા હોય છે. કોઈ કોઈ સ્કુલ બસ કે વાહન કે પછી રીક્ષામાં ઠાંસો ઠાંસ ભરાઈને જતા હોય છે. નજર સામેથી જોત જોતામાં આ બાળકો પસાર થઈ જાય છે અને મારી પાંપણે વીતેલા વેકેશન ટીપે ટીપે ટપકી જાય છે.

આમ પણ જીવનમાં બધુ મેળવી લીધા પછી જીવનની સમી સાંજે મનતો બાલ્યાવસ્થાને જ ઝંખતું હોય છે. બચપણની મેઘધનુષી જીંદગી હવે યુવાવસ્થાએ પહોંચી એક એવા ચિત્રને માનસપટ પર કંડારી રજુ કરે છે જ્યાંથી મને મારા બાળપણની બચકાના હરકતો. આદતો પર ગર્વ થઈ જાય. ફરી ફરી એ જીવવાનું તો શક્ય નથી પણ સ્મરવાનું મન થાય છે. સાથે સાથે તેમને પણ એ સફરે લઈ જાઉ ....

શૈશવાવસ્થામાં કોઈ પણ બાળક હોય તે આચાર-વિચારથી સમાન જ હોય છે. બાળકનો આત્મા ઈશ્વરનું પ્રતિબિંબ હોય છે. અને તેનું દેહ કુદરતનું સૌંદર્ય ...

ભૂતકાળના દ્રશ્યમાં એક ચડ્ડી-શર્ટ યુનિફોર્મ પહેરેલ ખભા પર ખુદથી અડધા વજન વાળો થેલો ઉચકેલ, વધુ લેશનનો ડર અજાણ્યા ચહેરાઓનો ભય, ટીચરની સોટી કે કસોટીના ડરને કારણે શાળા જવા ન માંગતો કજીયા કરતો એક બાળક છે. જ્યારે આજે મોટા થઈ રોજ ઓફિસે આવું છું. જવાબદારી પૂર્વક વર્તુ છું. છતાં પણ ક્યાંક અંતરના ખૂણે ખાંચરે બાળક બની રહેવા માગું છું. બાળકબની મોટી મોટી વાતો કરવી અને મોટા બની બાળકપણું કરવું એ કક્ષામાંથી તમે કે હું બાકાત નથી. ખરૂ કે નહીં? નાનપણમાં માસુમિયત એટલી હતી કે ગાળ બોલવી. ચોરીકરવી કોઈને મારવું, નાસ્તાનો ડબ્બો હોય કે કોઈની કપાયેલી પતંગ મારા હાથમાં આવે કા પછી ફાંટી જાય. ચિટીંગ અને દાદાગીરી તો જાણે જન્મસિદ્ધ હક્ક અને મારા મિત્રો પણ એવાજ હતા અને હજુ પણ એવા જ...

સ્કૂલકાળમાં પાછલી બેંચ પર બેસવું ટીચર અને મોનીટરની નજરથી બચવું. વ્હેલી પરોઢની એક ઉંઘ ખેચી લેવી. કે શિક્ષકની ટીખળ કરી માર ખાઈ વર્ગની બહાર અંગૂઠા પકડી ઉભા રહેવું. રીશેષની રાહ જોવી ઘડિયાલના કાંટા, સ્કૂલ છુટવાનો ઘંટ, શૂન ચોકડીની રમત, કાગળના પ્લેન બનાવી એક બીજાને મારવા, રીશેષ દરમ્યાન ચણીબોર ચોરવા કે ઉજાણી કરવા બેસવું. કોને રમાડવા કોને નહીં એ નક્કી કરવું.

હું પ્રથમ ધોરણમાં હતો ને મારી સામેની બેંચ પર એક છોકરી બેસતી. એક દિવસ હું સંચો ઘરે ભૂલી ગયો હતો. મારી પેન્સિલની અણી બટકી ગઈ હતી. મે તેની પાસે ઈશારાથી સંચો માંગ્યો અને તેણીએ સંચોઆપી જમણા હાથની બે આંગળી પહોળી કરી તેના હોઠની બન્ને બાજુ રાખી ધીમેથી પૂછયું 'બૂચ્ચા' ત્યારથી આજ સુધી એ 'બૂચ્ચા' અકબંધ છે. કદાચ શિક્ષણ સાથે સ્નેહથી જોડાયેલી દોસ્તીની સૌથી મોટી વ્યાખ્યા મારા માટે આજ રહેશે શાળા એ બાળકનું બીજું ઘરજ તો છે !

સ્કૂલતો હું જતો જ હતો પણ મને દસમા ધોરણ

સુધી ખ્યાલ જ ન હતો કે ટયુશન કલાસ કોને કહેવાય. મારા માટે તો ટયુશન કલાસ એટલે સાંજની નિશાળ જ્યાં હરરોજ નવા ડ્રેસમાં જવાનું હોય એક એવી સ્કૂલ કે જે ઘરમાં હોય. દસમા ધોરણમાં કલાસ રાખ્યા ત્યારે ભાન આવ્યું. આ કઈ બલાનું નામ છે ! જીવનમાં પહેલી વાર તૈયાર થવાની, હેરસ્ટાઈલ સેટ કરવાની, લાઈન મારવાની શરૂઆત થઈ. આમ પણ સ્કૂલમાં જતો ત્યારે માથામાં તેલ નાખવું મને ગમતું નહીં. હું વાર્તા કરતો, દોસ્તારોનો નાસ્તો ખાલી કરી જતો ક્યારેક એમનું લેશન પણ કરી આપતો, ભણવામાં એમને મદદ કરતો. ક્યારેક એમના વતી શિક્ષકનો માર પણ ખાતો, પરીક્ષામા આગળ પાછળ મિત્રોને કોપી કરવામાં મદદ કરતો. આજે પણ એ બાળપણના મિત્રો હજુ મારા મિત્રો છે. આમ તો ઈશ્વરની કૃપાથી મને ઘણા મિત્રો મળ્યા છે. પણ શાળા જીવનનું કોઈ મિત્ર રસ્તામાં મળી જાય તો પગથંભી જાય છે. આંખોમાં ચમક આવી જાય છે. બે ઘડી ઉભો રહી જુની યાદો તાજી કરી લઉં છું. નાનો હતો ત્યારે જલ્દી મોટા થવું હતું. આજે જ્યારે મોટો થયો છું ત્યારે લાગે કે ‘તૂટેલા સ્વપ્નો’ અને ‘અધૂરી લાગણી ઓ’ કરતાં ‘તૂટેલા રમકડા’ અને અધૂરા હોમવર્ક’ સારા હતા.

આ એવરગ્રીન સ્મરણોને રિફ્રેશ મારી રહ્યો છું ત્યારે તમને પણ શું નથી લાગતું કે અરે આતો મારા જ સ્મરણો ? હું પણ અદ્‌લ આવોજ હતો કે આવીજ હતી.... હું પણ આ જ બધુ કરતો, ખરું કે નહીં... તો ચાલો મારે એકલા એ નહીં પણ આપણે સૌએ ફરી એકવાર શાળાએ જવું છે !

*****


## શ્રી બાલાસિનોર નવયુવક સંઘ સંચાલિત

**શ્રીમતી મીનાબેન સુધીર ધારિયા (રંગુનવાળા)પુરસ્કૃત**

**ઉપનગર વિભાગ યોજે છે**

# ગુજરાતી નાટક - મેરેજ ફીકસીંગ

**સ્થળ : પ્રબોધન ઠાકરે હોલ, બોરીવલી (વેસ્ટ)**

**તારીખ : ૩૦-૩-૨૦૧૪, સવારે ૯.૪૫ કલાકે, રવિવાર**

**સંયોજક : સુનીલ મોદી (ઠાસરાવાળા) - ૯૮૨૦૧૨૦૬૪૯**

**મંત્રી : શ્રી ભાવેશ મોદી - ૮૮૭૯૪૨૨૩૦૪**


# કેન્સર પેશન્ટના મસીહા

## શ્રી નિરંજનભાઈ પરીખ

## ટાટા મેમોરિયલ સેન્ટર

**Category :Best Patient Advocate**

શ્રી નિરંજનભાઈ પરીખની શિક્ષણ ક્ષેત્રે B.E.Mech. Engineer સુધીની કારકિર્દી રહી છે. છેલ્લા ૨૬ વર્ષથી હિમાલયની ગોદમાં રહેવાનો, ટ્રેકીંગનો શોખ ધરાવે છે. તે ઉપરાંત મેડિટેશન અને ફોટોગ્રાફીમાં અગાધ લગાવે છે. ૧૯૬૫-૬૭ દરમ્યાન લંડનમાં રહી જોબ કરી. પોતાની આગવી એન્જીનીયરીંગ કંપનીની સ્થાપના કરી અને સેવાક્ષેત્રે ઝંપલાવવા ૧૯૮૭માં આ કાર્યને તિલાંજલી આપી દીધી. વિનોબાભાવે અને ગાંધીજી તેમના જીવનના આદર્શ રહ્યા. ગામડાના લોકોની સેવા માટે Human Technology Forum માં જોડાયા. છેલ્લા ૧૯ વર્ષથી "V-Care Organisation (TMH) સાથે સંકળાયેલા છે.



આ કાર્યક્ષેત્રમાં ઘણી કારકિર્દી રહેલી છે. જેમ કે કેન્સર પેશન્ટના ગાઈડ, કાઉન્સેલર થઈ શકાય. કેન્સર સામેના રક્ષણાત્મક કેમ્પસ યોજી શકાય. પેશન્ટના સપોર્ટ માટેનુ ગ્રુપનું નિર્માણ કરી શકાય. સામાજીક ક્ષેત્રે રહેવા, જમવાની વ્યવસ્થા ગોઠવી શકાય. આ માટેના ફંડની વ્યવસ્થાના કાર્યો કરી શકાય. પ્લેટલેટ્સ જીવન રક્ષક છે તેનું મહત્વ સમજાવી શકાય વગેરે.

વિવિધ સપોર્ટ ગ્રુપ ઘણી રીતની મદદ કરે છે. જેમ કે બ્રેઈન ટયુમર વાળાને, બ્રેસ્ટ કેન્સરવાળાને વગેરે. ૨૦૧૧-૧૩ સુધીમાં ૧૪૦૦ કેન્સર પેશન્ટને મદદ કરી, કાઉન્સેલીંગ કર્યું જેમાં કેટલાય નવા પેશન્ટ, યુવકો વગેરે સામેલ હતા. કેન્સરની ટ્રીટમેન્ટના ખર્ચ માટે તેઓનો Financial Support. ઘણો વિશાળ છે. ઈમરજન્સીમાં ડાયરેક્ટ પેશન્ટને ૫-૬ લાખનો સપોર્ટ આપે છે. કરોડોનું ઈનડારેક્ટ ફંડ એકત્ર કરી અલગ અલગ વ્યવસ્થાઓમાં વાપરવામાં આવે છે. કેન્સરના પેશન્ટ માટે નવી આશાના કિરણો તેઓના કાર્ય દ્વારા ઝળકે છે. તેઓ માટે પીકનીકનું આયોજન, પેશન્ટની બર્થ ડે પાર્ટી ઉજવવી, નવી પ્રેરણાઓ આપવી જેવા ઉમદા કાર્ય થાય છે.

રોટરી કલબે તેમને બિરદાવ્યા છે. ડૉકટર્સ અને સ્ટાફનો હંમેશ સહકાર, ભલામણ તેમના માટે હોય છે. પ્રદેશિય, રાષ્ટ્રીય, આંતરરાષ્ટ્રીય અખબારો અને સામયિકોમાં તેમના ઘણા બધા લેખને સ્થાન મળ્યું છે. દર્દીઓ, શુભેચ્છકો, ચાહકો તરફથી તેમને અઢળક શુભેચ્છા, આશિષ, પ્રેમ, સરાહના પ્રાપ્ત થઈ છે.

૧૯ વર્ષની આ સેવાયાત્રા દર્દીઓને રાહત આપનારી, લાભદાયી, યશસ્વી નીવડી છે. તેમની સંવેદાને હૃદયમાં ઝિલનારા શ્રી નિરંજનભાઈ પરીખને લાખ લાખ અભિનંદન. જીવનમાં ઘણા પાઠ અને બોધપાઠ આવા સેવાક્ષેત્રમાંથી હાંસલ થાય છે. તમે ખરેખર બાલાસિનોરનું ગૌરવ છો.

# શ્રી બાલાસિનોર નવયુવક સંઘ સંચાલિત

## શ્રી મનોજભાઈ અમરીશભાઈ કચેરીયા કન્સેશનલ રેટ નોટબુક યોજના

ગત વર્ષ મુજબ ચાલુ વર્ષે આપ સૌની જરૂરીયાત ધ્યાનમાં રાખીને
બજાર કિંમત કરતા સસ્તા દરે નોટબુકનું વેચાણ હાથ ધરેલ છે.

**એ - ૪ સાઈઝ કોલેજ બુક ૧૫૦ રૂ. ડઝન**

**આ વેચાણ તા. ૨૫-૫-૧૪ના રોજ સવારે ૯ કલાકે નીચે જણાવેલ સ્થળોએથી હાથ ધરાશે અને નોટબુકો હશે ત્યાં સુધી મળશે.**

**શહેર વિભાગ** : શ્રી બાલાસિનોર નવયુવક સંઘ : ૧૧૮/૧૨૦ આરદેશર દાદી સ્ટ્રીટ, વી.પી.રોડ, મુંબઈ-૪૦૦ ૦૦૪
**સમય** : સોમવાર થી શનિવાર ૨ થી ૭, રવિવાર સવારના ૯.૩૦ થી ૧૧.૩૦.
**નોંધ** : દર બુધવારે સંસ્થાની ઓફીસ બંધ રહેશે.

**પરા વિભાગ** :

(૧) **શ્રી હેમાંશુ હરીશચંદ્ર દેસાઈ** : ૯/૧૨ ઘાસવાલા બીલ્ડીંગ, રૂ.નં.૫, પોલીસ સ્ટેશનની સામે, એમ.વી.રોડ, અંધેરી (ઈ), મુંબઈ - ૬૯
**સમય** : સવારના ૧૦ થી ૧૨.૩૦ (ફક્ત રવિવાર)

(૨) **પરીખ કોકીલાબહેન હીરાલાલ (ડાબલી)** : ૨૪/એ, કૈલાશ નગર, શંકર ગલ્લી, કાંદિવલી (વે), મુંબઈ - ૪૦૦૦૬૭,
**સમય** : સવારના ૧૦ થી ૧૨.૩૦ (ફક્ત રવિવાર)

(૩) **શ્રી હેમેન્દ્ર રમણલાલ શાહ (ચકવા)** : સી ૩/૩૦૨, સુમેર નગર, એસ.વી.રોડ, બોરીવલી (વેસ્ટ), મુંબઈ - ૪૦૦૦૯૨
**સમય** : સવારના ૧૦ થી ૧૨.૩૦ (ફક્ત રવિવાર)

**નોંધ** : ગયા વર્ષની માર્કશીટની નકલ અથવા હોલટીકીટની નકલ સાથે લાવવી ફરજીયાત છે. તે સીવાય નોટબુકો આપવામાં નહી આવે.

**મંત્રી : ભાવેશ મોદી (ઠાસરાવાળા)** **સંયોજક - અજય દોશી**

---

# શ્રી બાલાસિનોર નવયુવક સંઘ સંચાલિત

## શ્રી રસિકલાલ ચંદુલાલ પરીખ (સરકાર) નોટબુક રાહત યોજના (૨૦૧૩ - ૨૦૧૮)

સંસ્થા દ્વારા ચાલતી ઉપયુક્ત યોજનામાં નોટબુકો આપવામાં આવે છે. આ યોજનાનો જે કોઈ વિદ્યાર્થી ભાઈ-બહેનો લાભ લેવા ઈચ્છતા હોય તેઓને જણાવવાનું કે આ અંગેના નવા અરજીપત્રકો તા. ૧૭-૪-૧૪ થી તા. ૧૫-૫-૧૪ સુધી સંસ્થાની ઓફિસમાં સંપુર્ણ વિગતો સાથે ભરી ને આપી જવા. આ અંગેના નવા અરજીપત્રકો સંસ્થાની ઓફિસમાં સંસ્થાના કાર્યાલયના સમય દરમ્યાન મળશે.

**નોંધ** : નોટબુક રાહત યોજના હેઠળ નોટબુકનું વિતરણ તા.૧-૬-૨૦૧૪ના રવિવારે સવારના ૯ કલાકે સંસ્થાના કાર્યાલય ખાતે કરવામાં આવશે.

**નોંધ** : ફક્ત નવા અરજીપત્રકોજ સ્વીકારવામાં આવશે.

**કાર્યાલયનો સમય** : સોમવાર થી શનીવાર બપોરે ૨ થી ૭ રવિવાર સવારે ૯.૩૦ થી ૧૧.૩૦. (દર બુધવારે સંસ્થાની ઓફિસ બંધ રહેશે).

**મંત્રી - ભાવેશ મોદી (ઠાસરાવાળા)** **સંયોજક - અજય દોશી**

# SHREE BALSINOR NAVYUVAK SANGH

## Smt. Taraben Ratilal Parikh Administrative office

118/120, Ardeshar Dady Street, V.P. Road, Mumbai - 400004, Tel : 23887006

## Shri Manojbhai - Shri Amrishbhai Kacharia Concessional Rate Note Book Scheme

To,
The Seceretary
Shree Balasinor Navyuvak Sangh
Mumbai - 400 004
May I request you to deliver the Notebooks as per Order as follows:

| S.No. | Description | Std. | Qty.in Doz Req. | Qty.in Doz Del. | Amount |
|---|---|---|---|---|---|
| 01. | A4 size Collage Book@150/- p. Doz | | | | |

**Name of Student : ________________________ Vasti Patrak No. ________**

**Address : ________________________________________**

**________________________ Tel No : ________________**

**TERMS & CONDITIONS**

1. Mark Sheet copy and or Hall ticket copy must be attached with the form.
2. Note books will be delivered till stocks lasts, maximum quantity per students as mentioned below:

**Std : K.G. / 1 to 5 : 1 Doz, • Std. 6 to 9 : 2 Doz • Std : X to 3rd Year. : 3 Doz.**

**Medical & Engineering: 3 Doz.**

Delivery Centers

**From Colaba to Bandra** : Shree Balasinor Navyuvak Sangh, V.P.Road, 118/120 Ardeshar Dady Street, Mumbai - 4, 2.00 P.M. to 7.00 P.M. (Monday to Saturday) 9.30 A.M. on Sunday. Wednesday Closed.

**From Khar to Andheri** : Desai Himanshu Harishchandra, 9/12, Ghaswala Bldg. R.No.5, Opp Police Station. M.V.Road, Andheri (E), Mumbai - 400069 10 A.M. to 12.30 A.M. Onlyon Sunday.

**From Jogeshwari to kandivali** : Parikh Kokilaben Hiralal (Dabli), 24/A, Kailash Nagar, Shankar Galli, Kandivali (W), Mumbai - 400 067, 10 A.M. to 12.30 A.M. Only on Sunday

**From Borlivali to Virar** : Shah Hemendra Ramanlal (Chakwa), C-3/302 Sumer Nagar, S.V.Road, Borivali (W), Mumbai - 92, 10 A.M. to 12.30 A.M. Only on Sunday.

**Bhavesh Mody (Hon. Secretary)** **Ajay Doshi (Convenor)**

# Shree Balasinor Navyuvak Sangh

## We still require 2 more donors for Rs 25,00,000/- (TWENTY FIVE LAC) whose photo will be framed at hall & Units of Rs 11,00,000/- & more, names will be engraved in metal plate at hall

We on behalf of Shree Balasinor Navyuvak Sangh Managing Committee, an organization that is working for providing educational, Medical,development & entertainment activities for Balasinor community . We feel that this drive should be supported by generous donors, for better facility provision for our members. Our organization is dedicated to the process of realizing this dream true but we need your help.

Your donation will bring us closer to our goal. Many business and community leaders are on board as well as hundreds of individuals. Our community is clearly excited and eager to see this project succeed. You can be a part of that excitement by supporting our youth with a donation. We will be happy to acknowledge your donation.

We would like to thank you for considering this opportunity to partner with our organization for raising funds. If you have any queries regarding our organization, our fund management policy, or the project itself, please feel free to contact our President Shri Kalpesh Suresh Dharia (Balbal) on cell 09820183907 or on mail id indirecttax@khassociates.co.in

Thank you,

Shri Kalpesh Suresh Dharia (President)
Shri Saumil Jitendra Mody (Vice President)
Shri Bhavesh Bipin Mody (Secretary)
Shri Jasmine Bipin Sheth (Jt.Secretary)
Shri Nilesh Navnitlal Shah (Jt.Secretary)
Shri Nikesh Jayendra Gandhi (Treasurer)
Shri Daxesh Babulal Kadakia (Hon.Member)
Shri Yogesh Ramniklal Dharia (Hon.Member)
Shri Rajendra Kirtanlal Desai (Hon.Member)
Shri Vrajesh Navnitlal Desai (Hon.Member)
Shri Rajnikant Kantilal Kadakia (Dhariwala)
Shri Pravinchandra Koderlal Shah (P.K.)
Shri Rasikbhai Sankerlal Mody (Dev)
Shri Rajnikant Kantilal Kadakia (Latkari)
Shri Pravichandra Poonamchand Kadakia
Shri Pravinchandra Occhavlal Desai(Dedki)
Shri Pradeep Pravinchandra Kadakia
Shri Dilipbhai Muljibhai Dharia(Lalkha)
Shri Pankaj Kantilal Dharia(Lalkha)
Shri Kartik Rasiklal Kadakia
Shri Hemendra Ramanlal Shah (Chakva)
Shri Jigar Manikant Kadakia
Shri Alpesh Yogendra Dharia

શ્રી બા.ન. સંઘ સંચાલિત
શ્રીમતી શાંતાબેન કાંતિલાલ દોશી પુરસ્કૃત

# મહિલા વિભાગ

### મહિલા વિભાગના આગામી કાર્યક્રમ

મનુષ્ય જીવનમાં માનસિક વિકાસ માટે Indoor games તથા શારિરીક વિકાસ માટે Outdoor games જરૂરી છે. તો નવા વર્ષની શરૂઆત થોડુંક ભેજાને કસી Indoor games થી કરીએ.

**તારીખ** : ૧૮-૪-૨૦૧૪, શુક્રવાર

**સમય** : બપોરે ૨.૩૦ કલાકે

**સ્થળ** : માધવબાગ, સી.પી.ટેંક

આ કાર્યક્રમ પાસના રૂા.૫૦/- તથા લવાજમના રૂા. ૧૦૦/- તા. ૧૦-૪-૧૪ને ગુરૂવારે બપોરે ૩ થી ૫માં સંસ્થાની ઓફિસમાં લેવામાં આવશે. અથવા મહિલા વિભાગની સમિતિની કોઈપણ બહેન પાસે આપના નામ તથા લવાજમ નોંધાવી શકશો.

આપ સહુનો સાથ તથા સહકાર કાર્યક્રમની સફળતા માટે આવશ્યક છે. તથા આગામી કાર્યક્રમો માટે આપના સુચનો આવકાર્ય છે. આપના સુચનોની ચર્ચા વિચારણા કરવામાં આવશે અને શક્ય હશે તો તેનો અમલ કરવા જરૂરથી પ્રયત્ન કરવામાં આવશે.

**સંયોજક - સોહિણી યો. કડકીઆ**
**૯૮૨૦૩૫૬૩૫૯**

### સુધારો

ગત ફેબ્રુઆરી ૨૦૧૪ના અંકમાં **''અદ્રશ્ય શક્તિ ધરાવતું દૈવી તત્વ''** ના અંકમાં લેખિકાનું નામ **કપિલા નયન કડકિઆ** વાંચવું.

**- તંત્રી**




### જ્યોતીપુંજ અંગે અગત્યની સુચના

શ્રી બાલાસિનોર નવયુવક સંઘ જ્યોતિપુંજનું પોસ્ટીંગ દરેક મહિનાની તારીખ ૨૦ અથવા ૨૧ એ કરે છે. જે વ્યક્તિને સમયસર જ્યોતિપુંજ ન મળતુ હોય તે પોતાના સ્થાનિક પોસ્ટ ઓફિસમાં સંપર્ક કરે. સંસ્થા દર મહિનાની ૨૧ મી તારીખે વેબસાઈટ **www.balasinor.org** પર જ્યોતિપુંજ અપલોડ કરે છે તેની નોંધ લેશો.

જ્યોતિપુંજમાં છાપવા માટે જે વિગત આપવી હોય તે બને તેટલી ટૂંકમાં મોકલવા સર્વને નમ્ર વિનંતી. **મંત્રી : ભાવેશ મોદી**

# SHREE BALSINOR NAVYUVAK SANGH
# LALKHA TROPHY 2013-14

The Lalkha trophy 2013-14 was played in Balasinor from 06th-09th Feb 2014 under the leadership of captain Nirav Desai.The first match was played on 06* Feb against the College team in which the college team won the toss**. Final Result** - Bns team 142 all out & College team 2/2. play suspended and match awarded to Bns team. The second match was played on 07TH Feb against the Sarvodaya team. Sarvodaya team won the toss & decided to bat first. **Final Result** - Sarvodaya team 229 all out. Bns team 227 all out. Sarvodaya team won by 2 runs.

The third match was played on 08 Feb against Babi XI..Our luck with the toss finally came & we decided to make first use of the pitch. **Final Result** -Bns team 256 all out. Babi XI 239 all out. Bns won by 17 runs.

The fourth & final match was played on 09th Feb against Patel team. Being the last match of the tour as well as a farewell match for **Kinjal Parikh** everyone was pumped up as they were determined to give him a fitting farewell gift with a series win. It was really a kind gesture from Captain Nirav desai to send Kinjal parikh for the toss.which they won & decided to bat first.

Final Result — Patel team 204 all out. Bns team 205/4. Bns won by 7 wkts. With this series win(3-l),we continued our winning streak for sixth year in running. Although this has been due to the hard work & dedication of players, but the role of pushing these players to perform to their ability has been of our Manager **Sanjeev Dharia,** and we would like to thank him for his efforts.This series win was dedicated to **Kinjal Parikh** who has served Bns team for many years and given his best efforts always putting aside everything to play for Bns. True and fitting farewell to one of the cricketing heroes of our community. Wishing him all the best for his future life. Notable performances of the series

(1) Shiten Kadakia(Best Batsman of the Series) -124 runs with a splendid innings of 90runs.
(2) SaniliDesai-116 runs with two fifties.
(3) KinjaTParikh-101 runs.
(4) Vishal Jariwala -(Man of the series) 91 runs & 4 wickets with one fifty.
(5) Apurva Dharia - (Best Bowler of the series) 51 runs & 8 wickets.
(6) Nirav Desai - 7 wickets

This year, we also saw one more milestone which was achieved by captain NIRAV DESAI as he captured his 100* wicket of his career. Congratulations to Nirav Desai for this success. .

This year when we reached on the ground, everyone was stunned to see a near perfect level ground field. This requires tremendous hard work and round the clock vigilance for this a special thanks to **Shri Jigar Kadakia.** We also thank **Shri Mayur Patel & Shri Bhavesh Patel,** for helping in preparing the ground & other facilities.

**List of sponsorships :**

**(l)Shri Samir Rameshchandra Desai** for team clothes.(2)Shri **Bhartiben Indravadan Shah Haste Shri Tejas Shah** for sports watch & sunglasses.(3)We also received sponsorship Rs 5000 from Shri **Kamlesh Patel,Shri Bhavesh Patel & Shri Hitesh Patel** respectively.(4)Cash prizes for individual performances of players, were announced by **Shri Parimal Shah, Shri Tejas Shah, Shri Alpesh Dharia, Shri Samir Desai & Shri Mitesh Dharia.**With the help of **Shri Rajeshbhai Pathak,** and the efforts of **Shri Nileshbhai Patel & Shri Pintu Shah,** Nagar Palika has promised to pay us a sum of RS 12000 for the expenses of the tour, even after bearing the apprx. cost of RS 70000, for making the ground.

We sincerely thank **Shri Dilipbhai Dharia(Lalkha Trophy Donor), Shri Manikant Kadakia, Shri Rajnibhai(Thasrawala), Dr Naginbhai Shah, Shri Mahubhai Chahawala, Shri Rajeshbhai Pathak** and **Nagar Palika Chief Officer** and the **members of Chalo Balasinor Team** of Balasinor, for sparing their precious time & coming to the ground. They were welcomed with a flower bouquet.Last but not the least my humble thanks to my entire committee & players because without their collective efforts we could not organize this tour in a proper and planned manner.

**Bns convenor - Chirag Parikh**

---

## શ્રી બાલાસિનોર પ્રગતિ સમાજ પ્રોગ્રામ એન્ડ ઈવેન્ટ મેનેજમેન્ટ

ઉપરોક્ત સમિતિના નેજા હેઠળ આગામી કાર્યક્રમ નીચે મુજબ છે. રવિવાર ૨૦મે ૨૦૧૪ સવારે ૧૦,૦૦ કલાકે સ્થળ : પાર્લા અથવા અંધેરી ખાતે.

(આગામી અંકમાં જાહેરાત આવશે)

**મુખ્ય વક્તા :** સંજયભાઈ જયંતીલાલ ગાંધી
અને રાજીવભાઈ જયંતીલાલ ગાંધી

**વિષય : A Journey of Success**

(How to step out from Trading to Manufactions/Exports)

**પાસ મેળવવાના સ્થળ**

૧) શ્રી બાલાસિનોર પ્રગતી સમાજ કાર્યાલય
૪૫/૪૯, બાબુગેનુ રોડ,
મુબંઈ - ૪૦૦૦૦૨

૨) મે કડકીયા એન્ટરપ્રાઈઝ
૬૮/૭૦ નાગદેવી સ્ટ્રીટ, ૧લે માળે,
મુંબઈ - ૪૦૦૦૦૩

૩) અંધેરી-પાર્લાના સ્થળની જાહેરાત આવતા અંકમાં કરવામાં આવશે.

(૨૫-૪-૧૪ થી ૧૫-૫-૧૪ સુધી જમવાના પાસ મેળવી લેવા વિનંતી).

રૂા. ૨૫૦/- એક રૂપિયા બસો પુરા ભરીને જમવાના પાસ ઉપરોક્ત સ્થળેથી મેળવી લઈ આ પ્રોગ્રામને સફળ બનાવશો.

**પ્રમુખ : નિમિષ કડકીઆ**

**કન્વીનર - વ્રજેશ દેસાઈ**

✤✤✤✤✤

# THE TRENDSETTERS

C/O 132, NAGDEVI STREET

MUMBAI - 400 003, MOB NO: 919819265015

OUR COMMUNITY LEADERS HAVE BEEN DOING ENOUGH-SUCCESSFULLY-TO TAKE OUT SKILLS/POTENTIALS OF OUR YOUNG AND DASHING GENERATION AND HAVE GIVEN THEM STAGE TO EXPRESS THEIR EXPERTISE FOR PUBLIC AT LARGE.

NOW, WHAT WE-THE UNDERSIGNED-WISH TO TIE THEM IN COMMON THREAD, I. E. FROM A GROUP OF SUCH INDIVIDUALS WHO WILL MEET COUPLE OF TIMES EVERY YEAR, ARRANGE SEMINARS, HAVE LECTURES BY WELL KNOWN PERSONALITIES IN THEIR FIELDS - FOLLOWED BY LUNCH/DINEER.

**ADVISORY COMMITTEE**

**DILIP M. DHARIA (LALKHA)**
**SURENDRA R. PARIKH**
**DR.KIRIT K. MODY**
**JITENDRA M. SHAH (CHAKWA)**

**CONVENORS :**

**MANJUL S. DHARIA (HEADMASTER)**
**SHAILESH K. DESAI**

# કે.એમ.જી. જનરલ હૉસ્પિટલ, બાલાસિનોર

## બાલાસિનોરની કે.એમ.જી.જનરલ હોસ્પિટલમાં નીચે મુજબના કેમ્પ યોજવામાં આવેલ

**૧) શ્રી નગીનદાસ લાલચંદ પારેખ હાર્ટ કેમ્પઃ** તા. ૨૬-૧-૨૦૧૪ના રોજ યોજવામાં આવેલ. આ કેમ્પમાં અમદાવાદના નિષ્ણાંત કાર્ડીયાક સર્જન ડૉ. ભૂપેશભાઈ ડી. શાહ તથા અમદાવાદની એચસીજી હોસ્પિટલના ડૉકટરની ટીમે સેવાઓ આપેલ. આ કેમ્પમાં કુલ ૧૪૯ દર્દીઓ નોધાયેલા. ૧૦૦ દર્દીઓના ઈકો રાહત દરે કરવામાં આવેલા. ૧૦૯ ઈસીજી ફ્રી કરવામાં આવેલ. તેમજ પેથોલોજી ટેસ્ટ ફ્રી કરવામાં આવેલ. દસ દિવસની દવાઓ ફ્રી આપવામાં ઓવલ.

**(૨) શ્રીમતી ભારતીબેન અશોકકુમાર કાંતિલાલ પરીખ (તાતીઆ) શ્વાસના રોગોનો નિદાન કેમ્પઃ** તા. ૨૫-૨-૧૪ના રોજ યોજવામાં આવેલ. આ કેમ્પમાં કુલ ૧૨૩ દર્દીઓ નોંધાયેલા તમામ દર્દીઓને તપાસી જરૂરીયાતવાળા દર્દીઓને દશ દિવસની રૂા. ૨૦૩૧૦/-ની ફ્રી દવાઓ આપવામાં આવેલ. ૮૯ દરદીઓના પી.એફ.ટી. ટેસ્ટ ફ્રી કરવામાં આવેલ અને જરૂરીયાતવાળા શ્વાસના દર્દીઓને પંપસેટ ફ્રી આપવામાં આવેલ. તેમજ ઈસીજી તથા લેબોરેટરી ટેસ્ટ રાહત દરે કરવામાં આવેલ.

**ટ્રસ્ટમાં વધુ નોંધાયેલ દાનઃ-**

૧) સોનલબેન નિશિથકુમાર ધારીઆ (દલાલ) તરફથી પુત્રી રિદ્ધિના લગ્ન પ્રસંગે રૂા. ૧,૫૧,૦૦૦/-
૨) કુમુદબેન શાંતિલાલ કડકીઆ (હાલોલવાળા) તરફથી ત્રણ લોખંડના પલંગ તથા એક ઓપરેશન મિતિના રૂા. ૧,૦૫,૦૦૦/-
૩) ઉર્મિલાબેન સોમાભાઈ પટેલ - સ્વ. સોમાભાઈ કિશોરભાઈ પટેલના સ્મરણાર્થે રૂા. ૧૧,૦૦૦/-
૪) જયંતિલાલ લલ્લુભાઈ ધારીઆ, મુંબઈ - ૫,૦૦૦/-

**તમામ દાતાશ્રીઓનો સંસ્થા ખૂબખૂબ આભાર માને છે.**

**હોસ્પિટલમાં તા. ૧-૪-૧૩ થી તા. ૩૧-૧-૧૪ દરમ્યાન નીચે મુજબના વિભાગોમાં થયેલ કામગીરીઃ**

| | | | |
|---|---|---|---|
| ૧) | શાંતિલાલ રવચંદદાસ શાહ (ચોક્સી) | સર્જીકલ | : ૬૪૯૫ |
| ૨) | શ્રીમતી સરોજબેન શશીકાંત દેસાઈ (દેડકી) | શોર્ટવેવ ડાયાથર્મી | : ૨૪૦૧ |
| ૩) | શ્રીમતી જયશ્રી વ્રજેશ દેસાઈ | પેરાફીન વેક્ષ ટ્રીટમેન્ટ | : ૧૬૯ |
| ૪) | રમણલાલ જેઠાલાલ કચેરીઆ | સ્કીન | : ૨૨૬૬ |
| ૫) | શાંતાબેન કાંતિલાલ લાલચંદ દોશી | ઈ.એન.ટી. | : ૧૬૯૭ |
| ૬) | શાંતાબેન કંચનલાલ છોટાલાલ ગાંધી | બ્લડ બાયોકેમેસ્ટ્રી વિભાગ | : ૨૩૧૨૩ |

**બાલાસિનોરની કે.એમ.જી. જનરલ હોસ્પિટલમાં**

**હેલ્થ ચેકઅપના નીચે પ્રમાણેના ટેસ્ટ રૂા. ૩૦૦/- માં કરવામાં આવે છે**

(1) CBC , (2) ESR, (3) BLOOD GROUP, (4) URINE - R-M, (5) FBS, (6) PPBS, (7) S.CREATINE, (8) BL.UREA, (9) S.BILIRUBIN, (10) SGPT, (11) URIC ACID, (12) CHOLESTEROL, (13) TRIGLYCERIDES, (14) TSH

**રેડીયોલોજીસ્ટ ટેસ્ટ :** ૧) છાતીનો એક્ષ-રે (૨) પેટની સોનોગ્રાફી (૩) ઈલેકટ્રોનીક કાડીઓગ્રામ

ફીજીશીયન તથા સર્જન દ્વારા કન્સલટન્સી તથા સ્ત્રીઓ માટે ગાયનેકોલોજીસ્ટ દ્વારા કન્સલટન્સી

**લી. - શ્રી રાજેન્દ્ર દેસાઈ / શ્રી નિતીન પરીખ - માનદ્ મંત્રીશ્રીઓ**

## શ્રી બાલાસિનોર કેળવણી મંડળ સંચાલિત

## ઓચ્છવલાલ શેઠ હાઈસ્કુલએ સમાજને હજુ ઘણું આપવાનું બાકી છે

# તેજસ્વી વિદ્યાર્થીઓ અને જવાબદાર નાગરિકોનું ઘડતર કરે એ જ શ્રેષ્ઠ શાળા

બાલાસિનોરઃ બાલાસિનોર તાલુકામાં શિક્ષણ ક્ષેત્રે વિકાસનો પાયો નાખનાર શ્રી બાલાસિનોર કેળવણી મંડળ સંચાલિત શ્રી ઓચ્છવલાલ શેઠ હાઈસ્કુલ દ્વારા તારીખ ૨૨-૨-૧૪ થી ૨૪-૨-૧૪ દરમિયાન 'ત્રિદિવસીય - ત્રિવેણી મહોત્સવ'નું આયોજન કરવામાં આવેલ. આ ત્રિવેણી મહોત્સવમાં શૈક્ષણિક વર્ષ ૨૦૧૩-૧૪ના વાર્ષિકોત્સવ, ધોરણ ૧૦ અને ૧૨ના વિદ્યાર્થીઓનો શુભેચ્છા સમારંભ અને નિવૃત્ત થતાં શિક્ષકશ્રી ગોપાલભાઈ આર. શાહનું અભિવાદન સમારંભનું સમન્વય હતું.

ત્રિવેણી મહોત્સવનો શુભારંભ તારીખ ૨૨-૨-૧૪ના રોજ નગરના અંબા માતાના ચોક વિસ્તારમાંથી 'માર્ચ ફોર ડિગ્નીફીકેશન'ના સૂત્ર સાથેની રેલીથી થયેલ. રેલીને શાળાના ભૂતપૂર્વ વિદ્યાર્થીઓ- જગદીશભાઈ એમ.શાહ, ડૉ. વિમલભાઈ પી.પટેલ, ડૉ. નમ્રતા ગુપ્તા અને નિવૃત્ત થતાં શિક્ષકશ્રી જી.આર.શાહ દ્વારા પ્રસ્થાન કરાવવામાં આવ્યું. ઉપરોક્ત રેલી શાળાની ક્ષમતા અને પ્રવૃત્તિઓની ઝાંખી કરાવતાં બેનર્સ સાથે ૬૫૦ વિદ્યાર્થીઓ અને સ્ટાફ સાથે નગરના મુખ્ય વિસ્તારોમાં ફરી હતી.

તારીખ ૨૩-૨-૧૪ના રોજ શાળામાં વિદ્યાર્થીઓ દ્વારા પોત-પોતાના વર્ગ સુશોભનની સ્પર્ધાનું આયોજન કરવામાં આવેલ. નિર્ણાયકો તરીકે શ્રીમતી તરૂલતાબેન પી.શેઠ, શ્રીમતી અનુબેન શેઠ, જાગૃતિબેન એન.પટેલ (ગુપ્તા), પ્રો.જાગૃતિબેન જોષી અને શ્રી દિપકભાઈ પી. વણકરએ કામગીરી સંભાળી હતી. વર્ગ સુશોભન સ્પર્ધામાં વિદ્યાર્થીઓની કલાત્મક આતરસૂઝને બિરદાવવા પુરસ્કારો જાહેર કરાયા હતા. જ્યારે બાકી રહેલા તમામ વર્ગોને દિવ્યજ્યોતિ ફાઉન્ડેશન તરફથી દરેક વર્ગને ઈનામ જાહેર કર્યું હતું.

તારીખ ૨૪-૨-૧૪ના દિવસે બપોરે ૪ કલાકે ત્રિદિવસીય ત્રિવેણી મહોત્સવના મુખ્ય અને સમાપન કાર્યક્રમનું શુભારંભ થયેલ. ૨૪મી ફેબ્રુઆરીએ બાલાસિનોર કેળવણી મંડળના સ્થાપક અને પ્રથમ પ્રમુખ તેમજ શ્રી ઓચ્છવલાલ શેઠ હાઈસ્કૂલના મુખ્ય દાતા સ્વ. શ્રી ઓચ્છવલાલ એન.શેઠની પુણ્યતિથી હોવાથી કાર્યક્રમાં તેમની પુત્રવધુઓ શ્રીમતી તરૂબેન પી. શેઠ અને અનુબેન શેઠ ઉપરાંત બાલાસિનોર કેળવણી મંડળના અતિથી વિશેષ પ્રખ્યાત કાર્ડિયોસર્જન ડૉ.ભૂપેશભાઈ ડી. શાહ, નિવૃત્ત થતાં શિક્ષકશ્રી જી.આર.શાહ અનો કાર્યકારી આચાર્યશ્રી એ.આર.ગુપ્તાએ શ્રદ્ધાંજલી અર્પણ કરેલ. તે પછી પ્રાસંગિક સંબોધનોમાં આમંત્રિતશ્રીઓએ વ્યક્તિ, સમાજ અને રાષ્ટ્રના વિકાસ અને શિક્ષણના સીધા સંબંધ ઉપર ભાર મૂકતા જણાવેલ કે, શ્રેષ્ઠ શાળા એ છે જે તેજસ્વી વિદ્યાર્થીઓની સાથે જવાબદારી નાગરીકોનું પણ ઘડતર કરે છે. શાળાના ભૂતપૂર્વ વિદ્યાર્થીઓ તરફથી શુદ્ધ પીવાના પાણીની વ્યવસ્થામાં મદદરૂપ થવા માટે રૂા. ૧૬,૦૦૧/-ની રકમ ભૂતપૂર્વ વિદ્યાર્થી જવલંત જી. શાહના હસ્તે સોંપવામાં આવેલ.

સમાપન કાર્યક્રમની હાઈલાઈટએ શાળાના વિદ્યાર્થીઓ અને શિક્ષકશ્રીઓએ રજૂ કરેલ રંગારંગ સાંસ્કૃતિક કાર્યક્રમ હતો. સાંસ્કૃતિક કાર્યક્રમમાં ભાગ લેનાર તમામને 'શેઠ પરિવાર' પુરસ્કારની જાહેરાત શ્રીમતી તરૂબેન પી. શેઠએ તથા શિક્ષક શ્રી જી.આર.શાહએ કરી હતી. કાર્યક્રમમાં આમંત્રિત તમામ મહેમાનો ત્રિવેણી મહોત્સવ આયોજક ટીમ તરફથી 'મોમેન્ટો' આપવામાં આવેલ.

## પ્રકીર્ણ વિભાગ

### નવા સરનામાં

1. **Nitin M. Parikh**
   **Shaurin N. Parikh**
   802, Purav Heights - A
   83-83A, Tatya Gharpure path,
   Girgaum, Mumbai - 400004.
2. **Hasmukhben Rasiklal Gandhi**
   Bhavesh Rasiklal Gandhi
   1201, B Wing, Purav Heights,
   Tatya Gharpure Path,
   Mugbhat, Girgaon Road,
   Mumbai - 400 004

### શુભ લગ્ન

Jatisu Jayeshkumar Doshi
Ankita AShokbhai Shah

### જ્યોતિપુંજના નવા મેઈલીંગ એડ્રેસ માટે અગત્યની સુચના

જે પણ સભાસદ ભાઈ બહેનોને જ્યોતિપુંજ નવા સરનામે જોઈતું હોય તેઓને વિનંતી કે પ્રકીર્ણ વિભાગ ઉપરાંત આ મુજબની સુચના નવા તથા જુના એડ્રેસ તથા સભાસદ નંબર અથવા વસ્તી પત્રક ક્રમાંક નંબર સાથે **સમીર જયેન્દ્ર ગાંધી** - નિકોશી ટ્રેડીંગ કાં. ૧૨/૫, કારમેલોસ બિલ્ડીંગ, પહેલે માળે, ૬૩/૬૭ પાઠક વાડી, લોહાર ચાલ, મુંબઈ - ૪૦૦૦૦૨, ફોન: ૨૨૦૬૦૨૯૪ / ૨૨૦૩૮૦૭૭, Email: samir@nikoshi.co.in ને મોકલવાનું રહેશે. આ સિવાય કોઈપણ મૌખિક સુચના સ્વીકારવામાં આવશે નહીં.

**સંયોજક - સમીર ગાંધી**
**મંત્રી - ભાવેશ મોદી**

### હાર્દિક અભિનંદન

ગુજરાતી સમાજ (અમદાવાદ)ની કારોબારી સમિતિમાં **શ્રી પ્રમોદ મુળજીભાઈ ધારીઆ (લાલખાં)** ની નિમણુક કરવામાં આવી છે.

### મૃત્યુ નોંધ

| | ઉંમર |
|---|---|
| મંજુલાબેન જીતેન્દ્ર ત્રિવેદી | ૮૨ |
| સંદીપ અશોક શાહ (વડોદરાવાળા) | ૩૬ |
| જયેશ નટવરલાલ દેસાઈ | ૬૦ |
| વત્સલ નિલેશ મહેતા | ૧૯ |
| ધારિયા રેણુકા ભદ્રેશ (દાઉદીયા) | ૫૦ |
| પરીખ સર્યુબેન નવનીતલાલ (બખલી) | ૮૦ |
| પરીખ ભગીરથ પુનમચંદ (વેદરાજ) | ૭૧ |
| મોદી પ્રેમીલાબેન નવીનચંદ્ર (ઠાસરાવાલા) | ૮૧ |
| મહેતા નિર્બાલાબેન જગમોહનદાસ (લેડી) | ૮૨ |
| દેસાઈ શીલાબેન શૈલેશભાઈ (રોઝવાવાળા) | ૫૮ |
| કોકીલાબેન કંચનલાલ શાહ (મોટરવાલા) | |
| ચિરાગ કૌશીક પરીખ (K.P.) | |
| કલાબેન કિરતનલાલ ધારીઆ | |
| રજનીકાંત મુળજીભાઈ ધારીઆ (મુછારી) | |
| દેસાઈ ભારતીબેન મુકેશ | ૭૨ |
| શાહ ગુણવંતલાલ ઓચ્છવલાલ (પેપરવાળા) | |

**પ્રભુ સદ્‌ગતના આત્માને શાંતિ અર્પે એવી પ્રાર્થના.**



**મધુકાન્તાબેન નટવરલાલ ઓચ્છવલાલ પરીખ (જાડા)**
ઉંમર વર્ષ - ૮૮
શ્રીજીચરણ : તા. ૨૭-૭-૧૩
**ચક્ષુદાન - દેહદાન** કરેલ છે.

**નેત્રદાન (ચક્ષુદાન) માટે સંપર્ક કરો - ૧૯૧૯**